ક્રમાંક/જિશિઅ/ડીપી/૨૦૨૪/ 20877

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

અમદાવાદ શહેર,

બ્લોક-એ,પ્રથમ માળ,

બહુમાળી ભવન – વસ્ત્રાપૂર

અમદાવાદ-૩૮૦૦૫૨

તારીખ:- ૨૮/૦૨/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી/સંચાલકશ્રી,

તમામ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ,

અમદાવાદ શહેર.

વિષય:- માર્ચ-૨૦૨૪ માસના પગાર ડેટા બાબત.

સંદર્ભ: ૧. નાણા વિભાગના તા: ૨૯/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: નપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી(પા.ફા.૧)

૨. નાણા વિભાગના તા.૨૦/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક :પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે માર્ચ-૨૦૨૪ ના પગાર ડેટા ગવર્નમેંટ ગર્લ્સ હાઇસ્કૂલ, રાયખડ, અમદાવાદ ખાતે તા.૦૧/૦૩/૨૦૨૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે થી ૪.૦૦ કલાક દરમ્યાન રજૂ કરવાના રહેશે.

**(૧) GPF અને INCOME TAX માં સુધારો:**

જે કર્મચારીશ્રીઓને GPF અને INCOME TAX કપાત અન્વયે આ માસના પગારડેટા સાથે શાળાએ જરૂરી રેકર્ડ ટાઈપ-03 ભરી આપવાના રહેશે. જી.પી.એફ.ની કપાતમાં ત્યારબાદ ફેરફાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

**(૨) CPF ની કપાતનો દર સુધારવા અંગે:**

સંદર્ભદર્શિત પત્ર ૧ વિગતને ધ્યાને લઈ CPF યોજનામાં જોડાયેલ શાળાના કર્મચારીશ્રીઓને CPF ની કપાતનો દર સુધારવા શાળાએ કર્મચારી દીઠ RT-1 ભરી રજૂ કરવાના રહેશે. RT-1 ના ક્રમ ૧૧ માં પી.એફ. કેટેગરીમાં CPF કપાતની ટકાવારી ૧૦%, ૧૨%, ૧૪% હોય તો પી.એફ. કેટેગરી ૨, ૬ અને ૭ લેવી અને ક્રમ ૧૨ માં કર્મચારીશ્રીનો CPF નંબર આપવાનો રહેશે. અને નાણાકીય વર્ષમાં એકવાર વિકલ્પ આપ્યા બાદ કોઈપણ સંજોગોમાં બદલી શકાશે નહિં જેની નોંધ લેશો.

**(૩) GPF કપાતની વાર્ષિક મર્યાદા નક્કી કરવા અંગે.**

ઉપરોક્ત સંદર્ભ-૨થી રાજ્ય સરકારના જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ થી સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં મહતમ રૂ.૫.૦૦/- લાખ સુધીની રકમ જમા કરાવવાની મર્યાદા નિયત કરવામાં આવેલ છે. સબબ જે કર્મચારીની જી.પી.એફ.ની વાર્ષિક કપાત ૫.૦૦/- લાખ કરતા વધી જતી હોઈ તેવા કર્મચારીઓએ જી.પી.એફ.ની કપાત વાર્ષિક ૫.૦૦/- લાખ સુધીની મર્યાદામાં કરાવવાની રહેશે. જેની નોંધ લેવી.

* નિવૃત થતા કર્મચારીઓની જી.પી.એફ. કપાત તેમના જન્મના માસથી ત્રણ માસ અગાઉ ફરજિયાત કરવાની રહેશે. આ અંગે જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

ખાસ નોંધ : **જે કર્મચારીશ્રીને GPF, INCOME TAX અને CPF કપાતમાં ફેરફાર કરવાનો થતો ન હોઈ તેવા કર્મચારીશ્રીનો ડેટા રજુ કરવાનો રહેતો નથી.**

પગાર ડેટા કોમ્પ્યુટર રાઇઝ આપવાના રહેશે. પરિશિષ્ટ અને ટ્યૂશનનું પ્રમાણપત્ર ફરજીયાત અલગથી આપવાનું રહેશે. સદર કેમ્પમાં સંસ્થાના પગાર ની કામગીરી માટે ના જાણકાર ક્લાર્ક એજ હાજર રહેવાનું રહેશે.આર.ટી ફોર્મ માં નિયમાનુસાર ના કોડ નંબર દર્શાવી ડેટા ફોર્મ માં આચાર્યશ્રી/સંચાલક શ્રી ની સહી કરાવી ફોર્વર્ડિંગલેટર સાથે ડેટા આધાર સહ રજૂ કરવાના રહેશે.

બિડાણ – ઉપર મુજબ

હિસાબી અધિકારી

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,

અમદાવાદ શહેર, અમદાવાદ

**સામાન્ય ભવિષ્યનિધિમાં જમા કરાવવાની વાર્ષિક રકમની મર્યાદા નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર
નાણા વિભાગ
**ઠરાવ ક્રમાંક: પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ**
સચિવાલય, ગાંધીનગર.
તા:૨૯/૦૧/૨૦૨૪

**વંચાણે લીધા: (૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:** પીએફઆર/૧૦૯૩/૫૩/ચ, તા.૨૯/૦૩/૧૯૯૩

**(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:** પીએફઆર/૧૦૨૦૧૪/૬૦૭/ચ, તા.૨૦/૦૯/૨૦૧૪

**(૩) ભારત સરકારના ઓફીસ મેમોરેન્ડમ** F.No.3/6/2021-P&PW(f) , તા:૧૧/૧૦/૨૦૨૨ અને F.No.3/13/2022-P&PW(f)(8353) તા:૦૨/૧૧/૨૦૨૨

**આમુખ:**

રાજય સરકારના કર્મચારીઓને સામાન્ય ભવિષ્ય નિધિમાં લઘુતમ કપાત બાબતે નાણા વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૨૯/૦૩/૧૯૯૩ના ઠરાવથી સરકારી કર્મચારીના મુળ પગારના ૧૦% રકમ ફરજીયાત સામાન્ય ભવિષ્ય નિધિમાં જમા કરાવાનું ઠરાવવામાં આવેલ. ત્યારબાદ વંચાણે લીધેલ ક્રમાંક(૨) નાણા વિભાગના તા:૨૦/૦૯/૨૦૧૪ના ઠરાવથી સરકારી કર્મચારીઓ તેઓના મળતરના ૫૦% રકમ સુધી સામાન્ય ભવિષ્ય નિધિમાં મહત્તમ કપાત કરાવવાનું ઠરાવવામાં આવેલ. રાજય સરકારના કર્મચારીઓના ભવિષ્યનિધિના ખાતામાં વાર્ષિક કેટલી મહતમ રકમ જમા કરાવી શકે તે માટે કોઈ મર્યાદા નિયત થયેલ નથી. આ બાબતે ભારત સરકારનાં વંચાણે લીધેલ તા:૧૧/૧૦/૨૦૨૨ અને તા:૦૨/૧૧/૨૦૨૨ના ઓફીસ મેમોરેન્ડમથી જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ દરમ્યાન સરકારી કર્મચારી સામાન્ય ભવિષ્ય નિધિમાં મહતમ રકમ જમા કરાવવાની મર્યાદા નિયત કરવામાં આવેલ છે. જેથી આ બાબતે રાજય સરકાર દ્વારા પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

રાજય સરકારના જી.પી.એફ. ખાતેદાર કર્મચારીઓના કિસ્સામાં નાણાકીય વર્ષ દરમ્યાન સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાં મહતમ **રૂ.૫.૦૦/-** લાખ સુધીની રકમ જમા કરાવવાની મર્યાદા

નિયત કરવામાં આવે છે. આ મર્યાદા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી લાગુ કરવાની રહેશે અને તેનો ચુસ્તપણે અમલ થાય તેની જવાબદારી સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીની રહેશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(આઈ.ડી.ચૌધરી)

**નાયબ સચિવ**

**નાણા વિભાગ**

**નકલ રવાના:**

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
  (ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારુ.
- શાખા સિલેક્ટ ફાઈલ
  (પત્ર દ્વારા રવાના)

## નિવૃત્ત થતા કર્મચારીની ફરજીયાત જી.પી.એફ. અને સી.પી.એફ. કપાત બંધ કરવાના માસની વિગત દર્શાતું પત્રક

| ક્રમ | જન્મ તારીખ નો માસ | સત્રાંત નિવૃત્તીની નો માસ | ફરજીયાત જી.પી.એફ. અને સી.પી.એફ.કપાત બંધ કરવાનો માસ | સ્વૈચ્છિક જી.પી.એફ.અને સી.પી.એફ. કપાત બંધ કરવાનો માસ |
|---|---|---|---|---|
| ૧ | નવેમ્બર | મે | ઓગષ્ટ | જુન |
| ૨ | ડિસેમ્બર | મે | સપ્ટેમ્બર | જુલાઇ |
| ૩ | જાન્યુઆરી | મે | ઓકટોબર | ઓગષ્ટ |
| ૪ | ફેબ્રુઆરી | મે | નવેમ્બર | સપ્ટેમ્બર |
| ૫ | માર્ચ | મે | ડિસેમ્બર | ઓકટોબર |
| ૬ | એપ્રિલ | મે | જાન્યુઆરી | નવેમ્બર |
| ૭ | મે | મે | ફેબ્રુઆરી | ડિસેમ્બર |
| ૮ | જુન | ઓકટોબર | માર્ચ | જાન્યુઆરી |
| ૯ | જુલાઇ | ઓકટોબર | એપ્રિલ | ફેબ્રુઆરી |
| ૧૦ | ઓગષ્ટ | ઓકટોબર | મે | માર્ચ |
| ૧૧ | સપ્ટેમ્બર | ઓકટોબર | જુન | એપ્રિલ |
| ૧૨ | ઓકટોબર | ઓકટોબર | જુલાઇ | મે |